PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 19
Issue : 024
Dt.: 02-10-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

MY CITY PRIDE






# શહેર આપણું છે,

## તો સ્વચ્છતાની જવાબદારી પણ આપણી છે

હવે તો કાયદો પણ કહે છે, સફાઈ આપણા સહુની જવાબદારી.

**મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં કચરો જોવા મળે તો ફોટો લઈએ , લોકેશન મોકલીએ અને વોટ્સએપ ચેટબોટ પર જાણ કરીએ**




**ફોટો મોકલો**
ગંદકી હોય તે સ્થળનો ફોટો મોકલો

**લોકેશન શેર કરો**
સ્થળનું લોકેશન મોકલો

**ફરિયાદ નોંધાવો**
તમારી ફરિયાદ તાત્કાલિક નોંધાશે

**સ્વચ્છતા નિશ્ચિત**
તાત્કાલિક સફાઈ કાર્યવાહી શરૂ થશે

વોટ્સએપ પર અમને **Hi મેસેજ** કરો અને વિગત ભરો (ફોટો + લોકેશન + વર્ણન)

QR કોડ સ્કેન કરો અને ચેટબોટ સાથે જોડાઓ

## સંપર્ક માટે: 76228 80000

"આપણે નક્કી કરવું જોઈએ - કચરો નહીં ફેલાવીએ. ઘર હોય, બહાર હોય કે આસપાસનો વિસ્તાર, સ્વચ્છતા સાથે ક્યારેય સમાધાન નહીં કરીએ."
**- નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન

---

"સ્વચ્છતા આપણી જીવનશૈલી બનવી જોઈએ. નાનાં ગામડાંઓથી લઈને મોટાં શહેરો સુધી, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર ચોમેર ગૂંજવો જોઈએ."
**- ભૂપેન્દ્રભાઈ પટેલ,** મુખ્યમંત્રી, ગુજરાત

---

"પોતાના શહેરને સ્વચ્છ રાખવામાં પાલિકાના પ્રયાસોમાં સહભાગી થવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે."
**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**મારો કચરો, મારી જવાબદારી** | સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત /sbmugujarat /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

# તંત્રી લેખ......

## પાકિસ્તાન પીછેહઠ કરી રહ્યું નથી

લક્ષદ્વીપ નજીક ઈરાની બોટમાંથી રૂ. ૩,૦૦૦ કરોડના ડ્રગ્સ જપ્ત અને તેમાં સવાર પાંચ પાકિસ્તાની દાણચોરોની ધરપકડ મોદી સરકારની ડ્રગ્સ મુક્ત ભારત અભિયાન પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. યુએસ રાષ્ટ્રપતિએ પણ થોડા દિવસો પહેલા આ પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ તેમણે એ પણ વિચારવાની જરૂર છે કે પાકિસ્તાન ડ્રગ્સના વેપારને કેવી રીતે સક્રિય રીતે પ્રોત્સાહન આપી રહ્યું છે, જોકે આવું થવાની શક્યતા ઓછી છે. ગમે તે હોય, ભારતે ડ્રગ હેરફેર સામે તેની સતર્કતા વધુ વધારવાની જરૂર છે, કારણ કે તે ત્યારે જ સફળતા મેળવશે જ્યારે ડ્રગ હેરફેર કરનારાઓને કહેવામાં આવશે કે તેઓ કોઈપણ સંજોગોમાં ભારતમાં ડ્રગ્સ લાવી શકતા નથી. આ પરિસ્થિતિ હજુ સ્થાપિત થઈ નથી, અને આ જ કારણ છે કે ડ્રગ હેરફેર કરનારાઓ દરરોજ વિવિધ માર્ગો, ખાસ કરીને દરિયાઈ માર્ગો દ્વારા પકડાઈ રહ્યા છે. વધુમાં, દેશની અંદર ડ્રગ સપ્લાયર્સ પણ પકડાઈ રહ્યા છે. ડ્રગ્સ માત્ર દેશના યુવાનોને બરબાદ કરી રહ્યા નથી, પરંતુ તેમના વેપાર દ્વારા ઉત્પન્ન થતા નાણાંનો ઉપયોગ આતંકવાદ અને ગુના માટે થઈ રહ્યો છે. સ્પષ્ટપણે, જ્યારે સરકારી એજન્સીઓએ ડ્રગ હેરફેર કરનારાઓ સામે વધુ કડક પગલાં લેવા જોઈએ, ત્યારે સમાજ, ખાસ કરીને યુવા પેઢીએ ડ્રગ્સના ઘાતક પરિણામો સામે સતર્ક રહેવું જોઈએ. પાકિસ્તાન ભારતમાં આયાત થતા ડ્રગ્સનો મુખ્ય સ્ત્રોત છે. તે ડ્રોન દ્વારા પંજાબ અને રાજસ્થાનમાં ડ્રગ્સ પણ મોકલે છે. ડ્રગ્સની સાથે, તે શસ્ત્રો પણ મોકલે છે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે પાકિસ્તાન ભારતને દરેક શક્ય રીતે નુકસાન પહોંચાડવા માટે કટિબદ્ધ છે. આ વાત કાશ્મીરમાં થયેલા તાજેતરના એન્કાઉન્ટરથી પણ સ્પષ્ટ થાય છે જેમાં લશ્કરના પાકિસ્તાની આતંકવાદી મુસા માર્યા ગયા હતા. જમ્મુ અને કાશ્મીરમાં અનેક હુમલાઓ માટે વોન્ટેડ આ આતંકવાદી, પાકિસ્તાની સેનાનો ભૂતપૂર્વ કમાન્ડર હતો. આ પહેલી વાર નથી જ્યારે પાકિસ્તાની સેના સાથે સંકળાયેલા કોઈ આતંકવાદીને ભારતમાં મારવામાં આવ્યો હોય. હકીકતમાં, પાકિસ્તાની સૈનિકોમાંથી કેટલા આતંકવાદીઓ હતા તેની ગણતરી કરવી મુશ્કેલ છે. એ પણ કોઈ રહસ્ય નથી કે પાકિસ્તાન તેની ધરતી પર આતંકવાદી અડ્ડાઓ ચલાવી રહ્યું છે અને તેની સેના તેમને ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ ચાલુ રાખે છે. આ બધું દર્શાવે છે કે પાકિસ્તાન તેની પ્રવૃત્તિઓ બંધ કરવા તૈયાર નથી. તેથી, તેની સામે સતર્ક રહેવું જ નહીં, પણ તેના પર દબાણ વધારવું પણ જરૂરી છે. પાકિસ્તાનને સતત યાદ અપાવવું જોઈએ કે જો તે તેની ભારત વિરોધી પ્રવૃત્તિઓ બંધ નહીં કરે, તો તેને ભારે કિંમત ચૂકવવી પડશે.

# સાયબર અને સોશિયલ મીડિયા સંબંધિત ગુનાઓમાં સગીરો અને કિશોરો જ્યારે બની રહ્યા છે ભોગ ત્યારે માતા-પિતા સાવધાન!

(નીડર, નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા દ્વારા) સુરત

આજના સમયમાં સ્માર્ટફોન અને ટેકનોલોજી બાળકોના જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. શિક્ષણથી લઈને મનોરંજન સુધીની તમામ બાબતો માટે બાળકો ડિજિટલ પ્લેટફોર્મ પર નિર્ભર છે. પરંતુ બાળકોની કુમળી વય, તેમની સહજ જિજ્ઞાસા, અને તકનીકી દુનિયામાં છુપાયેલા જોખમો પ્રત્યેની અજ્ઞાનતાનો લાભ અસામાજિક તત્વો ઉઠાવી રહ્યા છે. ફેક પ્રોફાઈલ,ઓનલાઈન ફ્રેન્ડશિપ, ગેમિંગ પ્લેટફોર્મ અને મેસેજિંગ એપ્લિકેશન્સ દ્વારા ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો બાળકોનો સંપર્ક કરે છે. શરૂઆતમાં મિત્રતાનો સ્વાંગ રચવામાં આવે છે, ત્યાર બાદ વાતો-વાતોમાં બાળકોનો વિશ્વાસ જીતીને તેમની અંગત માહિતી, તસવીરો કે વિડીયો મેળવી લેવામાં આવે છે. તેમના પરિવાર અને તેમની આવકની માહિતી મેળવી લેવાય છે.

સગીર વયની દીકરીઓના કિસ્સામાં આ પરિસ્થિતિ વધુ સંવેદનશીલ અને ગંભીર બની જાય છે. ગઠિયાઓ સોશિયલ મીડિયા પર દીકરીઓને મીઠી-મીઠી વાતોમાં ભોળવીને કે પોતાની આભાસી સુંદર દુનિયા બતાવીને પ્રેમજાળમાં ફસાવે છે. આ પછી અંગત ફોટોગ્રાફ્સ કે વીડિયો મેળવીને તેને વાયરલ કરવાની ધમકીઓ આપવામાં આવે છે, જેને સાયબર બ્લેકમેલિંગ કહેવામાં આવે છે. દીકરીઓ ભય, શરમ અને સમાજમાં પ્રતિષ્ઠા ગુમાવવાના ડરથી પોતાના માતા-પિતા કે પરિવારજનોને આ વાત જણાવી શકતી નથી. આ ડરનો લાભ લઈને ગુનેગારો તેમનું શારીરિક, માનસિક અને આર્થિક શોષણ વધારતા જાય છે. કેટલાક કિસ્સાઓમાં બાળકો માનસિક તણાવ, ડિપ્રેશન અને અંતે આત્મહત્યા જેવા અતિશય દૂષિત પગલાં ભરી લેતા હોય છે. જે અત્યંત દુઃખદ બાબત છે. દરેક વાલીઓએ બાળકોનેએ સમજાવવું જરૂરી છે કે અજાણી વ્યક્તિને પોતાની અંગત માહિતી, એડ્રેસ ક્યારેય ન આપે.

### ગંદકી જણાશે તો ગ્રાન્ટ આપવામાં આવશે નહી : ચુંટાયેલા પ્રતિનિધિઓ અને તંત્ર ની જવાબદારી નકકી થશે

# ગુજરાત સરકારનુ નગરપાલિકાઓને કડક અલ્ટીમેટમ : શહેરોમાં ગંદકી જણાશે તો ગ્રાન્ટો અટકાવી દેવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના શહેરોમાં કચરાના ઢગલા જીવીપી (ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ્સ) અને જાહેર સ્થળોની ગંદકી હવે માત્ર સ્વચ્છતા પુરતી મર્યાદીત નથી રહી, પરંતુ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને મળતી સરકારી ગ્રાન્ટ સાથે સીધી રીતે જોડાઈ ગઈ છે. સ્વચ્છ ભારત મિશન અર્બનની ફલાઈંગ સ્કવોડ દ્વારા સરપ્રાઈઝ સ્પોટ ચેકીંગ દરમિયાન વિવિધ શહેરોમાં ગંદકી અને વ્યવસ્થાની ગંભીર ખામીઓ બહાર આવ્યા બાદ નાણાંવિભાગ દ્વારા રાજયના તમામ મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓને કડક અલ્ટીમેટમ આપવામાં આવ્યુ છે.



નાણાં વિભાગ દ્વારા રાજયની તમામ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને પાઠવવામાં આવેલા પત્રમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવે છે કે જો ફલાઈંગ સ્કવોડની તપાસમાં સ્વચ્છતા સંબંધિત કોઈપણ ક્ષતિ કે બેદરકારી જણાશે તો સરકાર તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ રોકી દેવામાં આવશે. એટલે કે હવે જો સ્વચ્છતા કામગીરીમાં કોઈ ગેપ રહી જશે તો તેની સીધી ફટકાર પાલિકાઓના વિકાસ કામો માટે મળતા સરકારી ભંડોળ પર પડશે. શહેરી વિસ્તારોમાં ૧૦૦ ટકા કચરાનુ કલેકશન અને રોજેરોજ એકત્ર થતા કચરાનુ યોગ્ય પ્રોસેસીંગ થાય તે માટે તુરંત વ્યવસ્થા ઉભી કરવા આદેશ કરાયો છે, શહેરમાં જાહેરસ્થળો પર કચરો એકત્રિત થતો હોય તેવા જીવીપી પોઈન્ટ્સ સંપૂર્ણપણે નાબુદ કરી વીઝીબલ કિલનલિનેશ (આંખે ઉડીને વળગે તેવી સ્વચ્છતા) જાળવવી પડશે. વરસોથી પડેલા જુના કચરા (લેગેસી વેસ્ટ) નો ૧૦૦ ટકા નિકાલ કરી ડમ્પ સાઈટ મુકત બનાવવાનુ લક્ષ્ય અપાયુ છે. માત્ર કચરો હટાવવાથી કામ પુરૂ નહી થાય, પરંતુ ખુલ્લી થયેલી જગ્યાનો યોગ્ય ઉપયોગ કરવો પણ ફરજીયાત રહેશે. શહેરના પ્રવેશદ્વારો, પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થાનો અને વધુ ભીડભાડવાળા વિસ્તારો (સીટીયુ) માં ગંદકી ન દેખાય તે માટે ઝોનવાર વિશેષ ગોઠવણ કરવી પડશે. આ આદેશમાં સ્વચ્છતાની જવાબદારી માત્ર મ્યુનિસીપલ કમિશ્નરો કે ચીફ ઓફીસરો પુરતી મર્યાદીત નથી રખાઈ, ચુંટાયેલા લોક પ્રતિનિધિઓને લીડ ફેસીલીટેટર તરીકે ભુમિકા ભજવવા અને દિવસમાં ઓછામાં ઓછુ એક વખત પોતાના વિસ્તારની ફિલ્ડ વિઝીટ કરવા સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટી, સામાન્ય સભા અને કમિશ્નર / ચીફ ઓફીસર સાથેની સમીક્ષા બેઠકોમાં સ્વચ્છતાના મુદ્દાને પ્રાથમિકતા પર રાખવા આદેશ કરાયો છે. ટુંકમાં ફલાઈંગ સ્કવોડના ચોંકાવનારા રીપોર્ટ બાદ હવે રાજયની તમામ મહાનગર પાલિકાઓ અને નગરપાલિકાઓ માટે ગ્રાન્ટ મેળવવા માટે સ્વચ્છતાનુ સરકારી ધોરણ જાળવવુ અનિવાર્ય બની ગયુ છે.


**પશ્ચિમ રેલવે**
**વડોદરા મંડળ**

**રોડ ઓવર બ્રિજ (ROB) નું નિર્માણ**

**ઈ-ટેન્ડર સૂચના નંબર: CPM-GSENGG-BRC-2026-27-01** ભારતના રાષ્ટ્રપતિ વતી, ચીફ પ્રોજેક્ટ મેનેજર (ગતિ શક્તિ), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390004 દ્વારા નીચે દર્શાવેલ કામ માટે ટેન્ડરો મંગાવવામાં આવે છે. **i) ઈ-ટેન્ડર નંબર: CPM-GSENGG-2026-2027-01 ii) કામનું નામ:** વડોદરા ડિવિઝન: વડોદરા-ગેરતપુર સેક્શનમાં કિ.મી. 478/332-34 પર LC નંબર 299 તથા કિ.મી. 482/6-8 પર LC નંબર 300 ના સ્થાને એપ્રોચ રોડ સહિત રોડ ઓવર બ્રિજ (ROB)નું નિર્માણ. **iii) કામની અંદાજિત કિંમત:** ₹138,57,64,522.42 (રૂપિયા એકસો અડત્રીસ કરોડ સત્તાવન લાખ ચોસઠ હજાર પાંચસો બાવીસ અને બેતાલીસ પૈસા માત્ર.) **iv) જમા કરવાની અર્નેસ્ટ મની:** ₹2,77,15,300/- (રૂપિયા બે કરોડ સિત્યોતેર લાખ પંદર હજાર ત્રણસો માત્ર.) **v) પ્રી-બિડ કોન્ફરન્સ:** 05.10.2026ના રોજ બપોરે 12:00 કલાકે સ્થળ: CPM (ગતિ શક્તિ) કચેરી, વડોદરા ડિવિઝન, પ્રતાપનગર, વડોદરા-390004. **બિડ શરૂ થવાની તારીખ:** 13.10.2026 **બિડ બંધ થવાની તારીખ:** 27.10.2026ના રોજ 15:00 કલાકે **vi)** ટેન્ડર દસ્તાવેજની કિંમત (પરત ન મળવાપાત્ર), E M D, પાત્રતા માપદંડ, સમાન પ્રકારના કામ, વિગતવાર ટેન્ડર શરતો વગેરે ધરાવતી વિગતવાર સૂચના માટે **www.ireps.gov.in** વેબસાઈટની મુલાકાત લો. મેન્યુઅલ ઓફર સ્વીકારવામાં આવશે નહીં.

BRC 253

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# રામોલમાં વિદ્યાર્થિનીની છેડતી કરતો પરિણીત ડિલિવરી બોય ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના રામોલ વિસ્તારમાં ૧૧માં ધોરણમાં ભણતી વિદ્યાર્થિનીની છેડતી કરનાર ૨૧ વર્ષીય ડિલિવરી બોય સમીર શેખને પોલીસે ઝડપી પાડ્યો છે.

છેલ્લા ૬ મહિનાથી ગોડાઉનમાં કામ કરતો સમીર ૪-૫ દિવસથી સગીરાનો પીછો કરી અશ્લીલ હરકતો કરતો હતો. માતા-બહેને જાળ બિછાવી આરોપીને પકડાવ્યો, રામોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના રામોલ વિસ્તારમાં શાળાએ જતી ધોરણ ૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનો પીછો કરી અશ્લીલ હરકતો અને છેડતી કરનાર ૨૧ વર્ષીય ડિલિવરી બોય સમીર શેખને રામોલ પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ઝડપી પાડ્યો છે. આરોપી પોતાની જ્યુપિટર બાઈક પર સગીરાનો પીછો કરી તેને મોબાઈલ નંબર આપી વાત કરવા સતત દબાણ કરતો હતો.

મળતી માહિતી અનુસાર, સગીરા જે રસ્તા પરથી દરરોજ શાળાએ જતી હતી ત્યાં જ ખાનગી કંપનીનું ગોડાઉન આવેલું હતું.

છેલ્લા ૬ મહિનાથી ત્યાં ડિલિવરી બોય તરીકે કામ કરતો પરિણીત સમીર શેખ છેલ્લા ૪-૫ દિવસથી સગીરાનો પીછો કરતો હતો. લુખ્ખા તત્ત્વની આ રોજિંદી હરકતોથી ત્રાસીને સગીરાએ પોતાની માતાને વિગત જણાવી હતી. શાળા છૂટવાના સમયે સગીરાની માતા અને બહેન તેની સાથે ગયા હતા. તેણે દીકરીને થોડી આગળ ચાલવા કહ્યું હતું, જેથી પીછો કરનારને પકડી શકાય. આ દરમિયાન સગીરાએ ગોડાઉન પાસે બેઠેલા સમીર શેખ તરફ ઈશારો કરીને તેને ઓળખી બતાવ્યો હતો.

આરોપીની ઓળખ થતાં જ સગીરાના પિતા અને કાકાએ તાત્કાલિક ૧૧૨ નંબર પર પોલીસને જાણ કરી હતી. કૉલ મળતાં જ ૧૧૨ની ટીમ મિનિટોમાં ગોડાઉને પહોંચી હતી અને સમીર શેખને ઝડપી લીધો હતો. રામોલ પોલીસે સગીરાની માતાની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપી સમીર શેખની ધરપકડ કરી છે અને ગુનામાં વપરાયેલું જ્યુપિટર સ્કૂટર પણ જપ્ત કરી લીધું છે. પોલીસે આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




"દારૂ માણસને પોતાનું ભાન ભુલાવી દે છે અને જ્યાં સુધી તેની અસર રહે છે, ત્યાં સુધી તે કોઈ પણ ઉપયોગી કામ કરવા માટે તદ્દન અસમર્થ બની જાય છે. જેઓ દારૂ પીવે છે તેઓ પોતાને બરબાદ કરે છે અને પોતાના પરિવારને પણ પાયમાલ કરે છે.

-મહાત્મા ગાંધી

**નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય**

તા. ૦૨-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૦-૨૦૨૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

**સંદેશો**

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રતજી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**

**નશામુક્ત સમાજનું નિર્માણ સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રાષ્ટ્રના પાયામાં મહત્ત્વપૂર્ણ** યોગદાન આપે છે. વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવારના સુખ-શાંતિ અને સમાજની પ્રગતિ માટે વ્યસન ગંભીર રીતે પડકારરૂપ બને છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.** તેથી વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી અને યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરવી એ સમયની આવશ્યકતા છે.

ગુજરાતની સ્થાપનાથી રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ થી ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, તેનું આયોજન અભિનંદનીય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે **૦૨ ઓક્ટોબરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા "નશાબંધી સપ્તાહ" નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.**

વિકસિત ગુજરાતના નિર્માણમાં વ્યસનમુક્તિ એ સૌથી મહત્વનો પાયો છે. નશો માત્ર સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને આર્થિક તથા સામાજિક રીતે બરબાદ કરે છે. રાજ્યની યુવાશક્તિ ખોટા માર્ગે ન ફંટાય અને વ્યસનમુક્ત રહી પોતાની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં લગાવે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકારે નશાબંધીના કાયદાનો હંમેશા કડક અમલ કર્યો છે, પરંતુ આ લડતને જનઆંદોલન બનાવવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આવો, આ **'નશાબંધી સપ્તાહ'** નિમિત્તે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે પોતે વ્યસનોથી દૂર રહીશું અને અન્ય લોકોને પણ નશામુક્ત અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરિત કરીશું.

ચાલો, ગાંધીજીના આદર્શોને સાર્થક કરી ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વસ્થ અને ઉજ્જવળ બનાવીએ.

**"વ્યસન મુક્ત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત."**
જય જય ગરવી ગુજરાત!

**હર્ષ સંઘવી**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ જી ઓક્ટોબરથી શરૂ થતા **'નશાબંધી સપ્તાહ' (તા.૦૨/૧૦/૨૦૨૬ થી તા.૦૮/૧૦/૨૦૨૬) ની ઉજવણી પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામના.**

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનું યુવાધન વ્યસનમુક્ત અને સશક્ત બને તે અત્યંત જરૂરી છે.** માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં નશાની પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ નશાબંધી અને આબકારી ખાતું રાજ્યમાંથી નશાના દૂષણને નાબૂદ કરવા તથા યુવા પેઢીને વ્યસનમુક્ત બનાવવા માટે નિરંતર સરાહનીય પ્રયાસો કરી રહ્યું છે.**

વ્યસન એ માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું પતન નોતરે છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આયોજિત આ **'નશાબંધી સપ્તાહ'** દરમિયાન યોજનાર વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રાજ્યના નાગરિકો અને વિશેષ કરીને યુવાનો વ્યસનના દૂષણથી દૂર રહેવા પ્રેરણારૂપ બનશે.

આપણે સૌ સામૂહિક સંકલ્પ લઈએ અને **'વ્યસનમુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાત'ના** નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

**'નશાબંધી સપ્તાહ'** ની ઉજવણીના તમામ આયોજનો સફળ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ!

**કમલેશ પટેલ**
**રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય**



PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307 (M)9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# આસ્થાના પ્રતિક સમા રમાતા ગરબામાં નેતાઓની હાજરી ખરેખર તો યુવા ધનના ભવિષ્ય સાથેની રાજ રમત સિવાય કંઈ નથી

(નીડર નિષ્પક્ષ અને તટસ્થ છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

દેશભરમાં હવે થોડા દિવસો બાદ માતાજીના પવિત્ર નોરતા ચાલુ થશે અને ઠેરઠેર માતાજીની સ્તુતી સાથે આરતી ગવાશે અને પછી યુવાધન ગરબા રમવા મેદાને ઘુમશે. આમ તો આ ગરબા ખરેખર પ્રાચીન (પુરાણી) રીતે જ ગવાવા જોઈએ એટલે કે જૂના જમાનામાં અને આજે પણ તળપદી ગામડાઓની બહેનો અંબા માની તસવીરને ફૂલહાર ચઢાવી એને ખુરશી પર મૂકી દીવો અગરબત્તી કરે છે. અને માતાજીની આગળના ભાગમાં અનેક કાંણા વાળી એક માટલી મૂકીને એમાં માતાજીનો દીવો પ્રગટાવી માટલીને પણ હાર પહેરાવી સાધારણ કપડાંઓમાં અસલ ગરબા ને એવા લહેકા સાથે ગાય છે કે સાંભળનારાઓને એમજ લાગે કે માતાજીની સાચી ભક્તિ જ આ છે. એવા સુંદર, મીઠા અવાજ માં બહેનો ગરબે ઘૂમે. એમાં ના કોઈ માઈક, ના કોઈ સંગીત પાર્ટી, ના કોઈ ફેશનેબલ ડ્રેસ, બસ રોજીંદા કપડાં પહેરી સાચા હૃદય થી ગવાતા આ ગરબા મનને માતાજી ના ચરણો માં તલ્લીન કરી નાખે છે.

આ તો વાત થઈ પ્રાચીન એટલે (પુરાણી) પદ્ધતિથી ગવાતા ગરબાની. હવે વાત કરીએ અર્વાચીન ગરબાની એટલે કે આજના આધુનિક યુગના આધુનિક ગરબાની જેમાં ભક્તિ રસ ઓછો અને દેખાદેખીનો ક્રેઝ વધારે દેખાશે. જે ગરબા સાદી રીતે ગવાવા જોઈએ એ હવે ધંધાદારી બની ગયા છે. અને ધર્મ જ એક ધંધો બની ગયો હોય એમ લાખોના ખર્ચે ગ્રાઉન્ડો ભાડે રખાય છે. એમાં મોંઘા સ્ટેજ ઊભા કરી સાજીંદાઓને બેસાડાય છે અને એ બધાનો ખર્ચો કાઢવા મોંઘા ભાવના પાસ રાખી ગરબા રમવા આવનારાઓ ને બરાબર ખંખેરી લેવાય છે. આ છે આજના યુગની નવરાત્રી.

આ ચમકદમક અને ઝાકમઝોળ વાળા ગરબા ગ્રાઉન્ડોમાં હવે પ્રજા કાર્યો કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલા નેતાઓને પણ ફેશનેબલ કપડાંઓ પર મોંઘા સેન્ટ છાંટી યુવાધન સાથે ગરબે ઘૂમવાના ઓરતા જાગ્યા છે. અને યુવાધનને આકર્ષિત કરવા આવા નેતાઓ ગરબે ઘૂમવા નીકળી પડે છે ત્યારે અહીં સવાલ એ થાય કે આજના યુવાધન આવા નેતાઓની હાજરીથી અને એમની સાથે પાડેલી તસવીરોથી એટલા બધા ઈમ્પ્રેસ થાય છે કે એ તસવીરો યુવાન-યુવતીઓ એમના ગ્રૂપ માં શેર કરી એટલા આનંદીત થાય છે કે જાણે ના પૂછો વાત.

આવી ઘેલછા (ક્રેઝ) રાખનારા યુવાધનને નથી મોંઘવારી, બેકારી કે વધતી જતી ગુન્હાખોરી સાથે કોઈ લેવા દેવા કે નથી પોતાના ભવિષ્ય ની ચિંતા. બસ એમને તો નેતાઓ સાથેની તસવીરો અને ખંધા નેતાઓ સાથે ગરબા રમવાની મજામાં જ એમનું કેરીયર સમાયેલું છે. ત્યારે આવા યુવાધનને પૂછવાનું મન થાય છે કે નેતાઓના ગરબા રમવાથી કે રમાડવાથી શું તમારા પરિવારનું ભલું થવાનું છે ખરું? શું આના થી ગુન્હાખોરી પર અંકુશ આવે ખરો? ઉપરથી ગુન્હાહિત પ્રવૃત્તિઓ વધી રહી છે ત્યારે એમાંય ગૃહમંત્રીના આદેશ અનુસાર જ્યારે આખી રાત જો ગરબા ગવાતા રહેશે તો ગુન્હેગારોને ખુલ્લું મેદાન મળશે.

ઉપરાંત પોલીસને ઉજાગરા કરવા પડશે એનાથી પોલીસના સ્વાસ્થ્ય પર અસર પડશે એટલું જ નહીં થાકેલા પોલીસોની કામગીરી પર અસર પડતા પોલીસના ઉડશે ધજાગરા. આમ ધર્મને જ્યારે ધંધાની દ્રષ્ટિએ જોનારા માત્ર ને માત્ર પોતાની કમાણી પર જ નજર રાખે છે. ત્યારે અમારે એટલું જ કહેવું છે કે પ્રજાને ધર્મ નું આચરણ કરાવવામાં આવે ત્યાં સુધી વાંધો નથી અને હોવો પણ ના જોઈએ પરંતુ પ્રજાને ધર્મના રવાડે ચઢાવી ધર્મનું અફીણ પીવડાવી જ્યારે ધર્મઝનૂની બનાવવાના પેંતરાઓ થાય છે ત્યારે કોઈ અખબાર ક્યારેય ચૂપ બેસી રહી શકે નહીં.

અમે ધર્મ કોઈનો પણ હોય એનો ક્યારેય ભૂતકાળમાં વિરોધ કર્યો નથી. આજે પણ કરતા નથી અને ભવિષ્યમાં સાચા ધર્મનો વિરોધ નહીં કરીએ પરંતુ ધર્મના અંચળા હેઠળ યુવાધનને જ્યારે નષ્ટ કરવા અને પોતાની ખુરશી અંકે કરવા યુવાનોને ગેરમાર્ગે દોરવાનું પાપ કોઈ ચમરબંધી નેતા પણ કરશે ત્યારે અમે અમારા અખબારી ધર્મ બજાવવાથી ક્યારેય પાછા નહીં હઠીયે એ પણ ચોક્કસ છે.

છેલ્લે આવા ગરબે ઘૂમતા નેતાઓને અમારી એટલી જ અપીલ છે કે આજનું યુવાધન જ્યારે નશાની લતે ચઢયુ હોય ત્યારે એમાંથી યુવાધનને મુક્ત કરવાના પ્રયાસો કરવાને બદલે મોડે સુધી ગરબા રમવાની છૂટ આપીને તમે જે જોખમો ઊભા કરી રહ્યા છો એ બંધ કરો બસ એજ અપીલ છે કારણ કે ભૂતકાળમાં અમદાવાદ ના જીએમડીસી ગ્રાઉન્ડ માં ગરબાના સમયે બનેલી એ ઘટનાને નજર સમક્ષ રાખી પ્રજાની સુરક્ષાનો પણ વિચાર કરશો તો એજ માતાજીની સાચી ભક્તિ કહેવાશે. છેલ્લે હિન્દુત્વના સહારે ચૂંટણી જીતનારી ગુજરાત સરકાર હવે અમદાવાદના ગ્રાઉન્ડમાં જ્યાં મફત ગરબા રમાતા હતા એ ગ્રાઉન્ડમાં પણ હવેથી મફત એન્ટ્રી બંધ કરીને હિન્દુઓને જ ખંખેરી રહી છે.

# ગાંધીનગર મનપા ચુંટણીમાં કોંગ્રેસે મેનિફેસ્ટોમાં વચનો આપ્યા : ગાંધીનગર ને સંપૂર્ણપણે સ્લમ ફ્રી સીટી બનાવવા સહિત વચનો આપ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગર મહાનગરપાલિકા ચુંટણીને લઈને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરી દ્વારા પક્ષનો મેનિફેસ્ટો અને પાંચ વરસનુ કમિટમેન્ટ જાહેર કરવામાં આવ્યુ છે.



આ મેનિફેસ્ટો માં ગાંધીનગરને સ્લમ ફ્રી સીટી બનાવવાની સાથે ગરીબ અને જરૂરીયાતમંદ પરીવારોને પાયાની સુવિધાઓ આપવાનો મુખ્ય સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગરમાં ઈન્ફ્રાસ્ટ્રકચર અને ગગનચુંબી ઈમારતો બની રહી છે. તથા કેટલાક વિસ્તારોમાં જમીનના ભાવ સ્કવેર ફુટના ૨૫ હજાર સુધી પહોચી ગયા છે. પરંતુ ગટર વ્યવસ્થા, પાકા રસ્તા અને જાહેર શૌચાલય જેવી પાયાની સુવિધાઓનો ભારે અભાવ હોવાનો આક્ષેપ વિપક્ષ નેતા ડો. તુષાર ચૌધરીએ કર્યો છે. વર્તમાન ભાજપ શાસિત મનપા પાયાની સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહ્યુ હોવાનુ જણાવતા અમિત ચાવડાએ ઉમેર્યુ હતુ કે ભાજપના પાંચ વરસના વહિવટમાં ગાંધીનગરની મુળ ઓળખ બદલાઈ ગઈ છે અને રોડ રસ્તાઓ પર ખાડા પડી ગયા છે, ત્યારે મેનિફેસ્ટો ના મુખ્ય મુદ્દાઓ અને વચનો અનુસાર ગાંધીનગરને સંપૂર્ણપણે સ્લમ ફ્રી સીટી બનાવી જરૂરીયાતમંદોને પાયાની તમામ સુવિધાઓ પુરી પાડવી, ટેક્ષ વસુલવામાં આવે તો નાગરીકોને પાકા રોડ રસ્તા, સફાઈ અને શુધ્ધ પીવાનુ પાણી મળવુ જોઈએ તેવો દાવો, મહિલાઓ માટે ૫૦ ટકા ટેક્ષ રાહત, મહિલાઓના નામે રહેલી મિલ્કતોના પ્રોપર્ટી ટેક્ષમાં ૫૦ ટકા રાહત આપવાનુ વચન, નિયમિત ટેક્ષ ભરતા પરીવારોને રૂપીયા ૨ લાખ સુધીનુ અકસ્માત વિમા કવચ અપાશે, જેના પ્રિમિયમની સંપૂર્ણ જવાબદારી કોર્પોરેશન ઉઠાવશે, કોન્ટ્રાકટ અને ફીકસ પગાર પ્રથા નાબુદી, મનપામાં સફાઈ કર્મચારી, ડ્રાઈવર, કોમ્પ્યુટર ઓપરેટર અને માળી સહિતના કર્મચારીઓ માટે કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરી સીધો લાભ આપવો તથા ૨૦૨૭ બાદ સમગ્ર ગુજરાતમાંથી કોન્ટ્રાકટ પ્રથા નાબુદ કરવાનુ લક્ષ્ય છે.

ગાંધીનગરમાં તમામ પ્રકારની સારવાર ધરાવતી ૨૦૦ બેડની કોર્પોરેશન હોસ્પિટલ અને મેડીકલ કોલેજ બનાવવાની માંગ અને વચન, દરેક વોર્ડ માં ૨૪/૭ લાઈબ્રેરી, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે સુવિધાઓ, જીમ અને સ્પોર્ટ સેન્ટર સ્થાપી ગાંધીનગર ને યુવાનો માટે મોડલ સીટી બનાવવુ, પ્રજાના ટેક્ષના પૈસાના ખર્ચનુ ઓડીટ કરવા દરેક વોર્ડ માં જનતા ઓડીટ કમિટી બનાવી સત્તા આપવી તથા ૨૪ કલાક ઓનલાઈન ફરીયાદ વ્યવસ્થા શરૂ કરવી, મહિલાઓ અને વિદ્યાર્થીનીઓ માટે અલગ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા તથા દરેક વોર્ડમાં વિશેષ સુવિધાઓ ઉભી કરવી, ગાંધીનગરને ફરીથી ગ્રીન કેપીટલ તરીકે ઓળખ અપાવવી તથા રહેણાક વિસ્તારો નજીક કચરાના ઢગલા ન થાય તેવી આરોગ્યપ્રદ કચરા વ્યવસ્થા ગોઠવવી, આમ વિવિધ વાયદા અને વચનો કોંગ્રેસ નેતાઓએ આજે ગાંધીનગર મહાનગરમાં દાવો કર્યો છે કે સત્તામાં આવ્યા બાદ આ તમામ કમિટમેન્ટ્સ પર તાત્કાલીક કામ કરીને ગાંધીનગરની જનતા સુધી આ સુવિધાઓ પહોચાડવામાં અંગેની રૂપરેખા જણાવી હતી.

# અમદાવાદ એરપોર્ટ પર સતત ત્રીજા મહિને મુસાફરો ઘટ્યા : કાર્ગો મૂવમેન્ટમાં ૯.૯ ટકાનો ઉછાળો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઓગસ્ટ મહિનામાં મુસાફરોની અવરજવરમાં ૧૭.૨%નો ઘટાડો નોંધાયો છે. કુલ ૮.૭૮ લાખ પ્રવાસીઓ નોંધાયા, જેમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને મુસાફરો ઘટ્યા. પરિણામે, વિમાનોની અવરજવર પણ ૧૬.૬% ઘટી. જોકે, કાર્ગો-ફ્રેટ મૂવમેન્ટમાં ૯.૯%નો વધારો જોવા મળ્યો, જે એરપોર્ટ માટે સકારાત્મક સંકેત છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી મુસાફરી કરતા પ્રવાસીઓની સંખ્યામાં જૂન અને જુલાઈ બાદ સતત ત્રીજા મહિને એટલે કે ઓગસ્ટમાં પણ ઘટાડો નોંધાયો છે. સ્થાનિક (ડોમેસ્ટિક) અને આંતરરાષ્ટ્રીય (ઈન્ટરનેશનલ) બંને સેગમેન્ટમાં મુસાફરો ઘટવાની સીધી અસર વિમાનોની અવરજવર (એરક્રાફ્ટ મૂવમેન્ટ) પર પણ પડી છે. જોકે, પેસેન્જર ટ્રાફિકમાં ઘટાડા વચ્ચે એરપોર્ટ પરથી માલસામાનની હેરફેર એટલે કે કાર્ગો-ફ્રેટ મૂવમેન્ટમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે.

ઓગસ્ટમાં ૮.૭૮ લાખ મુસાફરો નોંધાયા, ૧૭.૨ ટકાનો ઘટાડો

એરપોર્ટ ઓથોરિટીના સત્તાવાર આંકડા અનુસાર ઓગસ્ટ ૨૦૨૬માં અમદાવાદ એરપોર્ટ પરથી કુલ ૮.૭૮ લાખ મુસાફરોએ અવરજવર કરી હતી, જે ઓગસ્ટ ૨૦૨૫ના ૧૦.૬૦ લાખ પ્રવાસીઓની સરખામણીએ ૧૭.૨ ટકા ઓછી છે.

●આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ: ઓગસ્ટ ૨૦૨૬માં ૧.૫૯ લાખ મુસાફરો નોંધાયા, જે ગત વર્ષના ૧.૯૦ લાખ સામે ૧૬.૩ ટકાનો ઘટાડો દર્શાવે છે.

●ડોમેસ્ટિક પ્રવાસીઓ: ડોમેસ્ટિક મુસાફરોની સંખ્યા ઓગસ્ટ ૨૦૨૫માં ૮.૬૯ લાખથી ઘટીને ૨૦૨૬માં ૭.૧૮ લાખ થઈ છે, જેમાં ૧૭.૪ ટકાનો ઘટાડો નોંધાયો છે.

●એપ્રિલથી ઓગસ્ટનો ટ્રેન્ડ: ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન કુલ ૫૩.૨૯ લાખ મુસાફરો નોંધાયા છે, જે ગત વર્ષના આ જ સમયગાળાના ૫૫.૭૬ લાખ સામે ૪.૪ ટકા ઓછા છે.

એરક્રાફ્ટ મૂવમેન્ટમાં ૧૬.૬ ટકાનો ઘટાડો

મુસાફરો ઘટવા સાથે એરલાઈન્સે ફ્લાઈટ્સ ઓછી કરતાં વિમાનોની અવરજવરમાં પણ ઘટાડો થયો છે. ઓગસ્ટ ૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય એરક્રાફ્ટ મૂવમેન્ટ ૨૩.૯ ટકા ઘટીને ઓગસ્ટ ૨૦૨૬માં ૧,૦૫૯ની સામે ગત વર્ષે ૧,૩૯૨ એરક્રાફ્ટ અને સ્થાનિક એરક્રાફ્ટ મૂવમેન્ટ ૧૫.૧ ટકા ઘટીને ઓગસ્ટ ૨૦૨૬માં ૫,૬૭૬ની સામે ગત વર્ષે ૬,૬૮૬ એરક્રાફ્ટ મુવમેન્ટ નોંધાઈ હતી.

# પ્રદુષણ નિયંત્રણ માટે ગુજરાત સરકારનો ઐતિહાસિક નિર્ણય: જુનુ વાહન સ્ક્રેપ કરાવો અને મેળવો ૫૦ ટકા સુધીનુ મોટુ ટેક્ષ કન્સેશન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારે પ્રદુષણ નિયંત્રણની દિશામાં અને વાહન વ્યવહાર ક્ષેત્રે એક અત્યંત મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી પગલુ ભર્યુ છે. રાજયમાં વરસો જુના અને પર્યાવરણને નુકશાન કરતા વાહનોને સ્ક્રેપીંગ તરફ વાળવા તેમજ વાહન માલિકોને આર્થિક રીતે પ્રોત્સાહિત કરવા માટે એક મોટી જાહેરાત કરવામાં આવી છે.




આ નવા નિર્ણય મુજબ જો કોઈ નાગરીક કે વાહન માલિક તેમનુ પાત્ર જુનુ વાહન અધિકૃત રીતે સ્ક્રેપ કરાવશે તો તેમને મળતા સર્ટીફિકેટ ઓફ ડીપોઝીટ (સીઓડી) ના આધારે નવા વાહનની નોંધણી વખતે મોટર વ્હીકલ ટેક્ષમાં સીધી ૫૦ ટકા સુધીની જંગી રાહત આપવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સક્ષમ માર્ગદર્શન તેમજ નાયબ મુખ્યમંત્રી ના નેતૃત્વ હેઠળ લેવાયેલા આ નિર્ણયોનો મુળ હેતુ રાજયમાંથી પ્રદુષણનુ પ્રમાણ ઘટાડવાનો અને લોકોને નવા તથા સુરક્ષિત વાહનો તરફ વાળવા માટે પ્રેરીત કરવાનો છે. આ યોજનાનો સીધો અર્થ એ છે કે જુનુ વાહન સ્ક્રેપ કરાવ્યા પછી જે સર્ટીફિકેટ ઓફ ડીપોઝીટ (સીઓડી) મળશે. તેનો ઉપયોગ નવા વાહનની ખરીદી વખતે ટેક્ષ રાહત મેળવવા માટે થઈ શકશે, આનાથી વરસો જુના વાહનો ધરાવતા સામાન્ય નાગરીકો અને ટ્રાન્સપોર્ટરો માટે નવુ વાહન ખરીદવાનો આર્થિક માર્ગ ઘણો સરળ બની જશે. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા સત્તાવાર જાહેરનામા મુજબ આ યોજના હેઠળ ચોકકસ જુના ઉત્સર્જન ધોરણો ધરાવતા વાહનોને આવરી લેવામાં આવ્યા છે. માસ એમિશન સ્ટાન્ડર્સ ભારત સ્ટેજ-૧ અને તેનાથી પણ અગાઉના ધોરણો પ્રમાણે ઉત્પાદિત થયેલા તમામ ટ્રાન્સપોર્ટ તથા નોન ટ્રાન્સપોર્ટ વાહનો આ જોગવાઈ હેઠળ લાભ મેળવી શકશે. આ ઉપરાંત બીએસ-૨ ધોરણ પ્રમાણે ઉત્પાદીત થતા તમામ મધ્યમ અને ભારે માલવાહક મોટર વાહનો તેમજ તમામ મધ્યમ અને ભારે પેસેન્જર મોટરવાહનો માટે પણ આ ટેક્ષ કન્સેશનની વિશેષ જોગવાઈ રાખવામાં આવી છે. આમ જુની ટેકનોલોજીવાળા અને વધુ પ્રદુષણ ફેલાવતા વાહનોને રસ્તા પરથી હટાવવા માટે આ એક ઉત્તમ આર્થિક તક સાબિત થશે. આ આખી પ્રક્રિયામાં સર્ટીફિકેટ ઓફ ડીપોઝીટ સૌથી મહત્વપૂર્ણ કડી સાબિત થશે. જયારે કોઈ વાહન માલીક પોતાનુ પાત્ર જુનુ વાહન સરકાર દ્વારા માન્યતા અધિકૃત સ્ક્રેપીંગ સેન્ટરમાં જઈને સ્ક્રેપ કરાવશે ત્યારે તેમને આ સર્ટીફિકેટ આપવામાં આવશે. આ સર્ટીફિકેટ જયારે નવા વાહનની નોંધણી વખતે આરટીઓમાં રજુ કરવામાં આવશે. ત્યારે નિયમોનુસાર મોટર વ્હીકલ ટેક્ષમાં મોટો ઘટાડો કરવામાં આવશે. સરકાર દ્વારા આ યોજના માટે એક નિશ્ચિત સમયમર્યાદા પણ નકકી કરવામાં આવી છે. જે વાહન માલીકો ૩૧ માર્ચ ૨૦૨૭ સુધીમાં પોતાના જુના વાહનોને સ્ક્રેપ કરાવીને સંબંધિત સીઓડી મેળવી લેશે તેમને જ આ ટેક્ષ કન્સેશનનો લાભ મળશે. આથી પાત્ર વાહન માલીકોએ સમયમર્યાદા ધ્યાનમાં રાખીને વહેલી તકે સ્ક્રેપીંગની પ્રક્રિયા પૂર્ણ કરવી જાગૃતિનુ કામ બનશે. આ ઉપરાંત સરકાર દ્વારા એક સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે જો કોઈ એક જ સ્ક્રેપ વાહન સામે અગાઉથી જ સીઓડીના આધારે ટેક્ષ કન્સેશનનો લાભ લઈ લેવામાં આવ્યો હોય તો તે જ વાહન સામે ફરીથી આ જોગવાઈનો લાભ મળશે નહી. એટલે કે દરેક સ્ક્રેપ વાહન માત્ર એક જ નવા વાહનની ખરીદી માટે ટેક્ષ રાહત મેળવવા માટે માન્ય રહેશે.

# ગીર સોમનાથના વેરાવળના આમંત્રણમાં ૧૦ થી વધુ મહાનુભાવોના નામ: કાર્યક્રમમાં ખુરશીઓ ખાલી: સ્વચ્છતા હી સેવા અભિયાનનુ થયુ સુરસુરીયું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગીર સોમનાથના વેરાવળમાં ચોપાટી ખાતે યોજાયેલી સ્વચ્છતા હી સેવા અભિયાનને લઈને હવે વિવાદ ઉભો થયો છે. કાર્યક્રમ માટેના આમંત્રણમાં અનેક મહાનુભાવો અને અધિકારીઓના નામ હોવા છતાં સ્થળ પર ગણતરીના લોકો જ જોવા મળ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. સ્ટેજ અને ખુરશીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ જવાબદાર મહાનુભાવોની ગેરહાજરી ચર્ચાનો વિષય બની હતી.






વેરાવળ ચોપાટી ખાતે આજે તારીખ ૧ ઓકટોબરના રોજ સવારે ૮ થી ૯ વાગ્યા દરમિયાન એક કલાકનુ સામુહિક સ્વચ્છતા અભિયાન યોજવાનુ જિલ્લા તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યુ હતું. જિલ્લા કલેકટર જીતેન્દ્રસિંહ વાઘેલાએ સ્વયંસેવી સંસ્થાઓ અને નાગરીકોને મોટી સંખ્યામાં જોડાવવા અપીલ કરી હતી. કાર્યક્રમને લઈને તૈયાર કરાયેલા આમંત્રણ કાર્ડ માં ૧૦ થી વધુ મહાનુભાવોના નામ હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. તેમાં સાંસદ અને ધારાસભ્યથી લઈને જિલ્લા કક્ષાના અધિકારીઓ તથા અન્ય જવાબદાર પદાધિકારીઓના નામ સામેલ હોવા છતાં કાર્યક્રમ દરમિયાન તેમની ગેરહાજરી રહી હોવાના આક્ષેપો થયા છે. સ્થળ પર સ્ટેજ, ખુરશીઓ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે કાર્યક્રમમાં ગણતરીના લોકો અને નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ જ મુખ્યત્વે જોવા મળ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જેના પગલે સ્વચ્છતા હી સેવા જેવા જનભાગીદારી આધારીત કાર્યક્રમમાં જ જો જવાબદાર લોકો હાજર ન રહે તો સામાન્ય નાગરીકોને જોડવાનો સંદેશ કેવી રીતે પહોચશે. તેવો સવાલ ઉઠી રહ્યો હતો.

સામાજિક કાર્યકર દિપક સિંઘવે કાર્યક્રમની વ્યવસ્થા અને હાજરીને લઈને આક્રોશ વ્યકત કર્યો હોવાનો દાવો છે. તેમના જણાવ્યા મુજબ સ્વચ્છતા માટે નકકી કરાયેલા એક કલાક દરમિયાન વાસ્તવિક સફાઈ કામગીરી કરતા પુષ્પગુચ્છ અને સન્માન જેવી ઔપચારીકતાઓમાં વધુ સમય વપરાયો હોવાના સવાલો ઉભા થયા છે. સિંઘવે એવો પણ સવાલ ઉઠાવ્યો છે કે જો જવાબદાર મહાનુભાવોને જ સ્વચ્છતા અભિયાનમાં ગંભીરતા નહી હોય તો જનભાગીદારી કેવી રીતે વધશે ? તેમણે સ્વચ્છતા હી સેવાનો હેતુ કાર્યક્રમ કે ફોટોસેશન સુધી મર્યાદિત ન રહે અને કચરો ફેંકનારાઓ વિરૂધ્ધ નિયમિત કાર્યવાહી થાય તેવી જરૂરીયાત પર ભાર મુકયો હોવાનો દાવો છે.

વેરાવળ શહેરમાં જાહેર સ્થળો પર કચરો ફેંકવાની સમસ્યા અંગે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સામાજિક કાર્યકરના જણાવ્યા મુજબ જો ચોપાટી સહિતના વિસ્તારોમાં સીસીટીવી કેમેરા ઉપલબ્ધ હોય તો જાહેરમાં કચરો ફેંકનારા લોકોની ઓળખ કરીને દંડનીય કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી ? આ મુદો માત્ર એક દિવસના સફાઈ કાર્યક્રમ પુરતો સીમિત ન રહેતા શહેરની કાયમી સ્વચ્છતા વ્યવસ્થા સાથે જોડાયેલો છે. એક સ્થળ એક કલાક માટે શ્રમદાન કરવાથી સ્વચ્છતા જાળવવાની શરૂઆત થઈ શકે છે. પરંતુ કચરો ફેંકનારાઓ સામે સતત કાર્યવાહી, કચરાના યોગ્ય નિકાલ અને નાગરીકોની નિયમિત ભાગીદારી વિના લાંબા ગાળે પરીણામ મેળવવુ મુશ્કેલ બની શકે છે.






# ૨ ઑક્ટોબર
# ગાંધી જયંતી

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સ્વચ્છ ભારત
એક કદમ સ્વચ્છતા કી ઓર

## સ્વદેશી વ્રત
## આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી

**મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી**
**નિમિત્તે શત્ શત્ નમન**



"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- **નરેન્દ્રભાઇ મોદી**, વડાપ્રધાન

**પૂજ્ય મહાત્મા ગાંધીજીની**
**જન્મ જયંતીના અવસરે**
## સર્વધર્મ પ્રાર્થના સભા

**: ગરિમામયી ઉપસ્થિતિ :**

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**તારીખ:** ૨ ઑક્ટોબર, ૨૦૨૬, શુક્રવાર
**સમય:** સવારે ૮-૦૦ વાગે
**સ્થળ:** મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર







## સ્વચ્છતા
અને
## સ્વદેશી
**અપનાવીએ**

સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ **'આત્મનિર્ભર ગુજરાત'** અને **'વિકસિત ભારત'** ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત